# ભાવનગર જિલ્લામાં ડો.બાબા સાહેબ આંબેડકર વિદેશ અભ્યાસ યોજના

મૂળ પ્રશ્ન પૂછનાર ધારાસભ્યશ્રીનું નામઃ– **શ્રી ભીખાભાઈ રવજીભાઈ બારૈયા**

તેમનો મત વિસ્તારઃ– **(પાલીતાણા)**

## અગ્રતા ક્રમ – ૮ ના પ્રશ્નો

પ્રશ્નઃ–૧ તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં ડૉ. બાબા સાહેબ આંબેડકર વિદેશ અભ્યાસ લોન યોજના હેઠળ છેલ્લા એક વર્ષમાં કુલ કેટલી અરજીઓ મંજુર કરવામાં આવી અને તે પેટે કેટલી રકમની લોન આપવામાં આવી?

પ્રશ્નઃ–૨ તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં ડૉ. બાબા સાહેબ આંબેડકર વિદેશ અભ્યાસ લોન યોજના હેઠળ કેટલા વિદ્યાર્થીઓની અરજી મળી, તે પૈકી કેટલી મંજૂર કરી અને કેટલી અરજીઓ નામંજૂર થઇ અથવા મંજૂર કરવાની બાકી છે? જો મંજૂર કરવાની બાકી હોય તો કેટલા સમયમાં મંજૂર થઇ શકશે?

પ્રશ્નઃ–૩ ડૉ. બાબાસાહેબ આંબેડકર વિદેશ અભ્યાસ લોન યોજનાનો મુખ્ય હેતુ શું છે, કેવા વિદ્યાર્થીઓને આ યોજના હેઠળ લોન મળી શકે અને કેટલી લોન મળી શકે?

પ્રશ્નઃ–૪ ડૉ. બાબા સાહેબ આંબેડકર વિદેશ અભ્યાસ લોન યોજના હેઠળ લોન મેળવવા માટે અરજી કરવાની પ્રક્રિયા, મંજૂરીની પ્રક્રિયા અને રકમની ચૂકવણી કેવી રીતે કરવામાં આવે છે?

પ્રશ્નઃ–૫ તા. ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ડૉ. બાબા સાહેબ આંબેડકર વિદેશ અભ્યાસ લોન યોજના હેઠળ ભાવનગર જિલ્લામાં તાલુકાવાર મળેલ અરજીઓ, મંજૂર કરેલ અરજીઓ અને ચૂકવાયેલ રકમ/પડતર

પ્રશ્ન– (૬) :– ડૉ. બાબા સાહેબ આંબેડકર વિદેશ અભ્યાસ લોન યોજના હેઠળ ભાવનગર જિલ્લામાં છેલ્લા ત્રણ નાણાકીય વર્ષમાં વર્ષવાર મળેલ અરજીઓ , મંજૂર કરેલ અરજીઓ અને ચૂકવાયેલ રકમ.

પ્રશ્ન- (૧) :- તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં ડો.બાબાસાહેબ આંબેડકર વિદેશ અભ્યાસ લોન યોજના હેઠળ છેલ્લા એક વર્ષમાં કુલ કેટલી અરજીઓ મંજુર કરવામાં આવી, અને તે પેટે કેટલી રકમની લોન આપવામાં આવી?

જવાબઃ- માન. અધ્યક્ષશ્રી,

- તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં ડો.બાબાસાહેબ આંબેડકર વિદેશ અભ્યાસ લોન યોજના હેઠળ છેલ્લા એક વર્ષમાં કુલ ૮ અરજી મંજુર કરવામાં આવી, અને
- તે પેટે ૧૨૦ લાખની લોન આપવામાં આવી.

**મુખ્ય પેજ પર જવા માટે**

પ્રશ્ન– (૨) :– તા. ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભાવનગર જિલ્લામાં તાલુકાવાર ડૉ. બાબા સાહેબ આંબેડકર વિદેશ અભ્યાસ લોન યોજના હેઠળ અનુસુચિત જાતિના કેટલા વિદ્યાર્થીઓની અરજી મળી, તે પૈકી કેટલી મંજૂર કરી અને કેટલી અરજીઓ નામંજૂર થઈ અથવા મંજૂર કરવાની બાકી છે ? જો મંજૂર કરવાની બાકી હોય તો કેટલા સમયમાં મંજૂર થઈ શકશે.

જવાબ:– માન. અધ્યક્ષશ્રી, તા. ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ

| ક્રમ | તાલુકો | મળેલ અરજી | મંજુર કરેલ અરજી | નામંજુર અરજી | ક્ષતિપુર્તતા હેઠળની અરજી |
|---|---|---|---|---|---|
| ૧ | પાલીતાણા | ૧ | ૧ | ૦ | ૦ |
| ૨ | શિહોર | ૧ | ૧ | ૦ | ૦ |
| ૩ | ભાવનગર | ૭ | ૪ | ૦ | ૩ |
| ૪ | મહુવા | ૨ | ૨ | ૦ | ૦ |
| ૫ | તળાજા | ૦ | ૦ | ૦ | ૦ |
| ૬ | ઘોઘા | ૦ | ૦ | ૦ | ૦ |
| ૭ | ગારીયાધાર | ૦ | ૦ | ૦ | ૦ |
| ૮ | જેસર | ૦ | ૦ | ૦ | ૦ |
| ૯ | વલ્લભીપુર | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૦ | ઉમરાળા | ૦ | ૦ | ૦ | ૦ |
| | કુલ | ૧૧ | ૮ | ૦ | ૩ |

ક્ષતિપુર્તતા હેઠળની ૩ અરજી અરજદારશ્રી દ્વારા પુર્તતા થયેથી સત્વરે મંજુર કરવામાં આવશે.

**મુખ્ય પેજ પર જવા માટે**

પ્રશ્ન– (૩) :– ડૉ. બાબાસાહેબ આંબેડકર વિદેશ અભ્યાસ લોન યોજનાનો મુખ્ય હેતુ શું છે, કેવા વિદ્યાર્થીઓને આ યોજના હેઠળ લોન મળી શકે અને કેટલી લોન મળી શકે ?

જવાબઃ– માન. અધ્યક્ષશ્રી,

ડૉ. બાબાસાહેબ આંબેડકર વિદેશ અભ્યાસ લોન યોજનાનો મુખ્ય હેતુ,

- વિદ્યાર્થી વિદેશમાં જઇ ઉચ્ચ શિક્ષણ મેળવી પોતાની તેજસ્વી કારકીર્દી ઘડી શકે અને
- પુરતા નાણાંના અભાવે ઉચ્ચ શિક્ષણથી વંચિત ન રહે તે માટે લોન આપી મદદ કરવામાં આવે છે.
- આ યોજનામાં ધોરણ–૧૨ કે તેથી ઉપરના જે અભ્યાસક્રમને આધારે વિદેશ અભ્યાસમાં પ્રવેશ મેળવતા હોય તેમાં ૫૦% કે વધુ માર્ક ધરાવતા હોય તેવા વિદ્યાર્થીઓને ડીપ્લોમા, સ્નાતક, અનુસ્નાતક,પોસ્ટ ગ્રેજયુએટ ડીપ્લોમા,પી.એચ.ડી,તેમજ તમામ ક્ષેત્રના અન્ય એકથી વધુ વર્ષના અથવા ઓછામાં ઓછા બે સેમેસ્ટરના સમયગાળા માટેના અભ્યાસક્રમો માટે પણ લોન મળવાપાત્ર થાય છે. અને રૂા.૧૫.૦૦ લાખની લોન આપવામાં આવે છે.

**મુખ્ય પેજ પર જવા માટે**

પ્રશ્ન– (૪) :– ડૉ. બાબા સાહેબ આંબેડકર વિદેશ અભ્યાસ લોન યોજના હેઠળ લોન મેળવવા માટે અરજી કરવાની પ્રક્રિયા, મંજૂરીની પ્રક્રિયા અને રકમની ચૂકવણી કેવી રીતે કરવામાં આવે છે.?

જવાબ:– માન. અધ્યક્ષશ્રી,

- ડો.બાબા સાહેબ આંબેડકર વિદેશ અભ્યાસ લોન યોજનામાં અરજદારશ્રી સૌપ્રથમ ઇ–સમાજ કલ્યાણ પોર્ટલ ઉપર લોગ ઈન આઇ ડી તૈયાર કરે છે.
- તે લોગ ઇન આઇડીથી વિદ્યાર્થીશ્રી પોર્ટલ ઉપર સાધનિક કાગળો અપલોડ કરી અરજી ઓન લાઇન સબમીટ કરે છે.
- તે અરજી સૌ પ્રથમ તાલુકા સમાજ કલ્યાણ નિરીક્ષકના લોગ ઇન આડીમાં ફોરવર્ડ થાય છે
- તાલુકા સમાજ કલ્યાણ નિરીક્ષક અરજીની ચકાસણી કરી સ્થળ તપાસ કરી સાધનિક કાગળો સહિત પોતાના અભિપ્રાય સાથે જિલ્લા કચેરી ખાતે ઓન લાઇન આગળ ફોરવર્ડ કરે છે
- તાલુકા સમાજ કલ્યાણ નિરીક્ષક દ્વારા ફોરવર્ડ કરેલ અરજી જિલ્લા કચેરી ખાતે વિદેશ અભ્યાસ લોન યોજનાની કામગીરી સંભાળતા કલાર્કના લોગ ઇન આઇડીમાં ફોરવર્ડ થાય છે.
- જિલ્લા કલાર્ક તે અરજી સાથેના સાધનિક કાગળો ચકાસી અરજી મંજુરી/નામંજુરી અંગે જિલ્લા નાયબ નિયામકશ્રીના લોગ ઇન આઇડીમાં ફોરવર્ડ કરે છે.
- જિલ્લા નાયબ નિયામકશ્રી તે અરજીના ગુણ દોષ ચકાસી પોતાના અભિપ્રાય સાથે વડી કચેરી ગાંધીનગરને મોકલી આપે છે.
- વડી કચેરી ખાતે તે અરજી વડી કચેરી કલાર્ક અરજીને ક્રમાનુસાર મંજુર/નામંજુરી અર્થે નિયામકશ્રીને રજુ કરવામાં આવે છે. નિયામકશ્રી અરજીના ગુણદોષ ચકાસી અરજી મંજુર/નામંજુર કરવામાં આવે છે.
- મંજુર અરજીઓનુ ચુંકવણુ વડી કચેરી ગાંધીનગર દ્વારા લાભાર્થીના ખાતામાં સીધા જ ઇ–પેમેન્ટ મારફતે ચુંકવણુ કરવામાં આવે છે.

**મુખ્ય પેજ પર જવા માટે**

પ્રશ્ન– (૫) :– તા. ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ડૉ. બાબા સાહેબ આંબેડકર વિદેશ અભ્યાસ લોન યોજના હેઠળ ભાવનગર જિલ્લામાં તાલુકાવાર છેલ્લા એક વર્ષમાં મંજૂર કરેલ અરજીઓ અને ચુકવાયેલ રકમ.

જવાબ:– માન. અધ્યક્ષશ્રી,

ડૉ. બાબા સાહેબ આંબેડકર વિદેશ અભ્યાસ લોન યોજના હેઠળ ભાવનગર જિલ્લામાં તાલુકાવાર છેલ્લા એક વર્ષમાં નીચે મુજબની અરજીઓ મંજુર કરી ચૂકવણું કરવામાં આવેલ છે.

| ક્રમ | તાલુકો | મંજૂર કરેલ અરજીઓ | ચુકવાયેલ રકમ (રૂા. લાખમાં) |
|---|---|---|---|
| ૧ | પાલીતાણા | ૧ | ૧૫.૦૦ |
| ૨ | શિહોર | ૧ | ૧૫.૦૦ |
| ૩ | ભાવનગર | ૪ | ૬૦.૦૦ |
| ૪ | મહુવા | ૨ | ૩૦.૦૦ |
| ૫ | તળાજા | ૦ | ૦ |
| ૬ | ઘોઘા | ૦ | ૦ |
| ૭ | ગારીયાધાર | ૦ | ૦ |
| ૮ | જેસર | ૦ | ૦ |
| ૯ | વલ્લભીપુર | ૦ | ૦ |
| ૧૦ | ઉમરાળા | ૦ | ૦ |
| કુલ | | ૮ | ૧૨૦.૦૦ (લાખ) |

**મુખ્ય પેજ પર જવા માટે**

પ્રશ્ન– (૬) :– ડૉ. બાબા સાહેબ આંબેડકર વિદેશ અભ્યાસ લોન યોજના હેઠળ ભાવનગર જિલ્લામાં છેલ્લા ત્રણ નાણાકીય વર્ષમાં વર્ષવાર મળેલ અરજીઓ , મંજૂર કરેલ અરજીઓ અને ચૂકવાયેલ રકમ.

જવાબ:– માન. અધ્યક્ષશ્રી,

ડૉ. બાબા સાહેબ આંબેડકર વિદેશ અભ્યાસ લોન યોજના હેઠળ ભાવનગર જિલ્લામાં છેલ્લા ત્રણ નાણાકીય વર્ષમાં વર્ષવાર મળેલ અરજીઓ , મંજૂર કરેલ અરજીઓ અને ચૂકવાયેલ રકમ નીચે મુજબ છે.

| ક્રમ | વર્ષ | મળેલ અરજીઓ | મંજુર કરેલ અરજીઓ | ચૂકવાયેલ રકમ રૂ.લાખમાં |
|---|---|---|---|---|
| ૧ | ૨૦૨૦ | ૨ | ૨ | ૩૦.૦૦ |
| ૨ | ૨૦૨૧ | ૦ | ૦ | ૦.૦૦ |
| ૩ | ૨૦૨૨ | ૩ | ૩ | ૪૫.૦૦ |
| કુલ | | ૫ | ૫ | ૭૫.૦૦ |

**મુખ્ય પેજ પર જવા માટે**